| | | | | | |
|---|---|---|---|---|---|
| | દાખલ તારીખ | : | ૨૪–૧૧–૨૦૨૫ | | |
| | રજી. તારીખ | : | ૨૪–૧૧–૨૦૨૫ | | |
| | નિકાલ તારીખ | : | ૦૮–૦૭–૨૦૨૬ | | |
| | સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૭ | ૧૪ |

**<u>સતલાસણાના મે.જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ</u>**
**<u>સાહેબની અદાલતમાં, મુ.સતલાસણા,જિ.મહેસાણા</u>**

**ફોજદારી કેસ નંબર : ૫૭૧/૨૦૨૫**
**આંક :– ૨૦**

શ્રી સ ર કા ર .....ફરિયાદી

**<u>::– વિ રૂ દ ધ –::</u>**

નગાજી નેથીજી હોમતીજી રબારી,

ઉ.વ.આ.પુખ્ત,

રહે. બંધણા અભાપુર,તા.વિજયનગર,જિ.સાબરકાંઠા

....આરોપી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>ગુન્હો :</u>** બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી)

તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ...

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**અપિયરન્સ :**

ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી.સી.ગોસ્વામી
આરોપી પક્ષે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એસ.જી.ચૌહાણ

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**// ચુ કા દો //**

**(૧).** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ગઇ તારીખ–૦૭/૦૯/૨૦૨૫ ના આશરે સાંજના છ વાગ્યાના સુમારે સાહેદના મો.સા.નં–GJ–06–NP–3021 ઉપર સાહેદ પાછળ બેસી મોજે હડોલ ગામથી સાબરમતીના પુલ ઉપર આવતા હોય અને એક સફેદ કલરની આઇ.20 ગાડી સામેથી આવતી હોય જેનો આર.ટી.ઓ રજી નં GJ–18–BJ–2188 એ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી સાહેદના મો.સા.ને સામેથી ટક્કર મારી ફરીયાદીને નાકના ભાગે ફેક્ચર કરી સાહેદોને શરીરે નાની મોટી ઈજાઓ તથા માથાના ભાગે ઈજાઓ કરી બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧ ,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો કરેલ હોય જેની ફરિયાદ ફરિયાદીએ આપતા ત્યારબાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી સદરહુ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ.

**(૨).** આ કામે ચાર્જશીટ આવ્યા બાદ અત્રેની અદાલત તરફથી આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજી ગયેલ હોય આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૩૦** મુજબ

પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ વિના મુલ્યે પુરી પાડી, સદર ગુના અંગે આરોપીનુ પ્રાથમિક નિવેદન **આંક–૦૩** થી નોંધવામાં આવતાં, વાંચી સંભળાવી સમજાવતા, ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩). આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

## //મૌખિક પુરાવો//

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી રાવળ અંકીતભાઈ ભગાભાઇની સોગંદ ઉપરની જુબાની | ૬ |
| ૨. | સાહેદ રાવળ ભગવાનભાઈ બાબુભાઇની સોગંદ ઉપરની જુબાની | ૮ |
| ૩. | સાહેદ રાવળ વિજયભાઈ ભગાભાઇની સોગંદ ઉપરની જુબાની | ૯ |

## //દસ્તાવેજી પુરાવો//

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૭ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૩. | ઈજાના પ્રમાણપત્ર | ૧૧ થી ૧૬ |
| ૪. | ટેલીફોન વર્ધી | ૧૭ |
| ૫. | એમ.વી.એકટ–૨૦૯ મુજબની નોટીસ | ૧૮ |

**(૪).** ત્યારબાદ,ફરીયાદ પક્ષે તરફે વધુ કોઈ પુરાવો રજુ રાખવો ન હોવા અંગેની આંક-૧૯ થી કલોઝિંગ પુરસીસ રજુ રાખેલ છે. ત્યારબાદ,બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાની મહત્તમ હકીકતોનો ઈન્કાર કરી પોતાના વિશેષ જવાબમાં તેઓએ કોઈ અકસ્માત કરેલ ન હોવાની તેમજ ખોટી ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

**(૫).** ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષતરફે વિ. એ.પી.પી.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬).** ત્યારબાદ,આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાં ભળવામાં આવી તેમાં તેઓ જણાવે છે કે, ફરીયાદી નિ:શંકપણે તેઓનો કેસ સાબીત કરી શકતા ન હોય જેથી પુરાવા અધિનીયમ મુજબ પણ સાબીતી ફરીયાદ પક્ષ તરફે કરેલ ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૭).** સદરહુ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:::-- મુદ્દાઓ --:::**

(૧)

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામના ફરીયાદી ગઈ તારીખ-૦૭/૦૯/૨૦૨૫ ના આશરે સાંજના છ વાગ્યાના સુમારે સાહેદના મો.સા.નં-GJ-06-NP-3021 ઉપર સાહેદ પાછળ બેસી મોજે હડોલ ગામથી સાબરમતીના પુલ |

| | |
|---|---|
| | ઉપર આવતા હોય અને એક સફેદ કલરની આઇ.20 ગાડી સામેથી આવતી હોય જેનો આર.ટી.ઓ રજી નં GJ–18–BJ–2188 એ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી સાહેદના મો.સા.ને સામેથી ટક્કર મારી ફરીયાદીને નાકના ભાગે ફેક્ચર કરી સાહેદોને શરીરે નાની મોટી ઈજાઓ તથા માથાના ભાગે ઈજાઓ કરી બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૨૫ (એ) ,૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ... ? |

(૮). ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે. :

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

**<u>// કા ર ણો //</u>**

**(૯). <u>મુદ્દા નં.૧ અને ૨ અંગે :–</u>**

**(૯.૧).** આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બંને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.આ કામમાં રેકર્ડ પર રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા બંને પક્ષે કરવામાં આવેલ દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે **આંક– ૦૬** થી ફરીયાદી રાવળ અંકીતભાઈ ભગાભાઇને તપાસતા તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામા જણાવેલ છે કે, '' તા.તા.૦૬/૦૯/૨૫ ના સાંજે પાંચ વાગ્યે

હું તથા મારા પિતા રાવળ ભગાભાઈ તથા મારા ભાઈ વિજયભાઈ ઈડર મુકામેથી ઉમીયા ઓટો કન્સલ્ટમાંથી હીરો કંપનીનું બાઈક નં.જીજે.૦૬. એનપી.૩૦૨૧ વાળું વેચાણ કરાર આધારે ખરીદી સતલાસણા આવવા નીકળેલા. બાઈક મારા પિતા ચલાવતા હતા અને હું તથા મારા ભાઈ પાછળ બેઠેલ હતા. સાંજે છ વાગ્યે હડોલ સાબરમતી નદીથી પસાર થતાં એક સફેદ કલરની આઈ–૨૦ ના ચાલકે તેની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આવી મારા મો.સા. ને સામેથી ટકકર મારી અકસ્માત કરી ત્રણેયને નીચે પાડી દીધેલા અને તે ગાડી લઈને આગળ જતો રહેલ. જે ગાડીનો નં.જીજે.૧૮. બીજે.૨૧૮૮ હતો. અમે લોહી લુહાણ થઈ ગયેલા અને મારા ભાઈએ ૧૦૮ ને ફોન કરતાં અમને સતલાસણા સીવીલમાં લાવેલા અને ત્યાંથી વધુ સારવાર સારૂ વડનગર અંદરના દર્દી તરીકે દાખલ કરેલ. મને બંન્ને પગના ઘુંટણમાં છોલાયેલ તેમજ નાકના ભાગે વાગેલ. મારા પિતાજીને માથામાં તથા મારા ભાઈ વિજયને ડાબા પગે છોલાયેલ. જે બાબતે મેં ફરીયાદ આપેલ. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખુ છું. જે ફરીયાદ ને રજુ દાખલ આંક– ૦૭. આરોપી આજરોજ હાજર છે તે તેજ છે કે કેમ તે હું કહી શકું નહી."

ત્યારબાદ, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, ગાડી સામેથી આવેલ તેથી કોણ ચલાવતું હતુ તે તેઓએ જોયેલ નહી તથા તેઓએ આરોપીને કયારેય જોયેલ નહી તેમજ તેઓને સમાધાન થઈ ગયેલ છે.

**(૯.૨).** ત્યારબાદ,આ કામે ફરીયાદપક્ષે **આંક– ૦૮** થી સાહેદ રાવળ ભગવાનભાઈ બાબુભાઈ તથા **આંક–૦૯** થી સાહેદ રાવળ

વિજયભાઈ ભગાભાઈનો સોગંદ ઉપર પુરાવો નોંધવામા આવેલ છે જેમાં તેઓએ ફરિયાદીએ આપેલ પુરાવાને સમાંતર પુરાવો આપેલ છે તેમજ સદરહું બંને સાહેદોએ તેઓની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, ગાડી સામેથી આવેલ તેથી કોણ ચલાવતું હતુ તે તેઓએ જોયેલ નહી તથા તેઓએ આરોપીને ક્યારેય જોયેલ નહી તેમજ તેઓને સમાધાન થઈ ગયેલ છે.

**(૧૦) પુરાવાકીય મુલ્યાંકન :–**

**(૧૦.૧)**. આમ, સદર કામે ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદપક્ષે તપાસવામા આવેલ ઉપરોકત ફરીયાદી તથા સાહેદો વાદગ્રસ્ત અકસ્માત સમયે તેઓ ઈડર મુકામેથી હીરો કંપનીનું મોટર સાઈકલ નં.જીજે.૦૬.એનપી.૩૦૨૧ વાળું વેચાણ કરાર આધરે ખરીદી સતલાસણા આવવા નીકળેલા ત્યારે બાઈક આ કામના ફરીયાદી ચલાવતા હતા અને ઉપરોકત બંને સાહેદો તેમની પાછળ બેઠેલ હતા તેમજ સાંજે છ વાગ્યે હડોલ સાબરમતી નદીથી પસાર થતા એક સફેદ કલરની આઈ–૨૦ ના ચાલકે તેની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આવી તેઓના મોટર સાઈકલને સામેથી અકસ્માત કરી તેઓ ત્રણેયની નીચે પાડી દઈ તે ગાડી લઈને આગળ જતો રહેલ જે ગાડીનો નં.જીજે.૧૮.બીજે.૨૧ ૮૮ હતો અને તે અકસ્માતમાં તેઓ ત્રણેયને ઈજાઓ થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર ફરીયાદી તથા સાહેદો આગળ

તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપી આજરોજ હાજર છે તેજ છે કે કેમ તે તેઓ કહી શકે નહી. વધુમા, બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ કબુલ કરેલ છે કે, ગાડી સામેથી આવેલ તેથી કોણ ચલાવતું હતુ તે તેઓએ જોયેલ નહી તથા તેઓએ આરોપીને કયારેય જોયેલ નહી તેમજ તેઓને સમાધાન થઈ ગયેલ છે.આમ, ખુદ ફરીયાદપક્ષના ઉપરોકત પુરાવાથી વાદગ્રસ્ત અકસ્માત સમયે અકસ્માતવાળુ વાહન આ કામના આરોપી ચલાવતા હોવાની હકીકત જણાઈ આવતી નથી. આમ, બનાવ સ્થળે હાજર સદર સાહેદોના પુરાવાથી અકસ્માતવાળા વાહનના ચાલક તરીકે આ કામના આરોપીની ઓળખ પ્રસ્થાપિત થતી ન હોવાનું જણાઈ આવે છે.

**(૧૦.૨).** આમ, હાલના કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવા માટે વાદગ્રસ્ત અકસ્માત સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહન આ કામના આરોપી ચલાવતા હોવાની હકીકત સાબિત થવી અનિવાર્ય છે. જયાં સુધી વાદગ્રસ્ત અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી ચલાવતા હોવાની હકીકત વાજબી શંકાથી પર સાબીત ન થાય ત્યા સુધી આરોપીને તકસીરવાન ઠરાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આમ, ઉપરોકત સાહેદોની જુબાનીને આધારે વાદગ્રસ્ત અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી ચલાવતા હોવાની હકીકત વાજબી શંકાથી પર પુરવાર થયેલ હોવાનું ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે અકસ્માત કરનાર વાહન અકસ્માત સમયે આ કામના આરોપી ચલાવતા હોવાની હકીકત પુરવાર કરવા અન્ય કોઈ

પુરાવો રજુ કરેલ નથી. આથી, અકસ્માતવાળુ વાહન વાદગ્રસ્ત અકસ્માત સમયે આ કામના આરોપી ચલાવતા હોવાની હકીકત ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર સાબિત કરી શકેલ નથી.

**(૧૦.૩).** વધુમાં, સદર કામે આંક–૧૦ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૧ થી આંક–૧૬ થી રજુ સારવારના પ્રમાણપત્રો તથા આંક–૧૭ થી રજુ ટેલીફોન વર્ધી તેમજ આંક–૧૮ થી રજુ એમ.વી.એકટ–૨૦૯ મુજબની નોટીસ આરોપીપક્ષે કબુલ રાખેલ છે, પરંતુ સદર દસ્તાવેજોથી વાદગ્રસ્ત બનાવ સમયે આ કામના આરોપી અકસ્માત કરનાર વાહન ચલાવતા હોવાની હકીકતનો કોઈ પુરાવો મળી આવતો ન હોય સદર દસ્તાવેજો ફરીયાદપક્ષને ખાસ મદદરૂપ થતા નથી. આથી, જયારે અકસ્માત કરનાર વાહન અકસ્માત સમયે આ કામના આરોપી જ ચલાવતા હોવાની હકીકત જ સાબિત થતી ન હોય ત્યારે ન્યાયના હીતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવું છું અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**/ / આ ખ રી હુ ક મ / /**

(૧) આ કામના **આરોપી:– નગાજી નેથીજી હોમતીજી રબારી, ઉ.વ. આ.પુખ્ત,રહે.બંધણા અભાપુર,તા.વિજયનગર, જિ.સાબરકાંઠા** નાઓને ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ –૨૭૮ અન્વયે બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૨૫ (એ) ,૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧ ૩૪ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ

કરવામાં આવે છે.

(૨) આરોપીએ ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબના રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે અથવા તેના વિકલ્પે જુના જામીન અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાની પુરસીસ રજુ રાખવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૭/૨૦૨૬
સ્થળ : સતલાસણા

**(યોગેશકુમાર કાભઈભાઈ ખાંટ)**
**જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**સતલાસણા**
**Judge Code:GJ**/01458

[Y.K.KHANT]
Judi.Magi,F.C.,Satlasana, Dt.08/07/2026